# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ००७

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/417 Dt. 22/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના પ્રતિનિધિ મંડળની નિરાંત ક્રિએશનમાં ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઉદ્યોગ જગતના સભ્યોને વિવિધ ઉદ્યોગોની કામગીરી અંગે નજીકથી માહિતગાર કરવા તેમજ પ્રેક્ટિકલ જ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુસર સોમવાર, તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ નિરાંત ક્રિએશન ખાતે ઇન્ડસ્ટ્રીયલ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું.

નિરાંત ક્રિએશનના સંચાલકો દ્વારા ચેમ્બરના પ્રતિનિધિ મંડળને હેન્ડબેગ, સ્કૂલ બેગ, ઓફિસ બેગ તેમજ ટુરિસ્ટ બેગ બનાવવાની સમગ્ર પ્રક્રિયા વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સંચાલકો દ્વારા કાચા માલ તરીકે વપરાતા કપડાંની પસંદગીથી લઈ કટીંગ પ્રક્રિયા, ત્યારબાદ સિલાઇ તેમજ અંતિમ પેકિંગ સુધીની દરેક પ્રક્રિયા પ્રેક્ટિકલ રીતે બતાવી હતી. સમગ્ર પ્રક્રિયામાં દરેક તબક્કામાં ગુણવત્તા જાળવવા માટે લેવાતી તકેદારીઓ વિશે પણ માહિતી આપી હતી.

આ ઇન્ડસ્ટ્રીયલ વિઝિટથી ચેમ્બરના પ્રતિનિધિઓને બેગ મેન્યુફેક્ચરિંગ ઇન્ડસ્ટ્રી અંગે સમજ પ્રાપ્ત થઈ હતી. આવી ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ્સ ઉદ્યોગની કાર્યપદ્ધતિને નજીકથી સમજવામાં તેમજ પ્રાયોગિક જ્ઞાન વધારવામાં ખૂબ ઉપયોગી સાબિત થાય છે. ચેમ્બર દ્વારા ભવિષ્યમાં પણ આવી વિવિધ ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ્સનું આયોજન કરવામાં આવશે.